ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ – 380014

જા.નં.૩૨૬/૧૭-૧૮ તા.01/05/2017

# પરિપત્ર

## ઉચ્ચ શિક્ષણ વિભાગના કાયમી સેવકો માટે એલટીસી બાબતે સુચના

ભારત સરકારના ઓએમ ક્રમાંક 31011/3/2013 Estt (A.IV) તા.09-09-2016 અનુસાર એલટીસી દરમ્યાન હવાઇ માર્ગે પ્રવાસ કરવા માટે એલિજિબિલિટી ધરાવતા હોય અને એલટીસી માટે વિમાન દ્વારા મુસાફરી કરવા ઇચ્છતા હોય તેવા સેવકોએ ભારત સરકાર દ્વારા વખતોવખત માન્ય કરવામાં આવેલા એજન્ટ મારફતે અથવા એર ઇન્ડીઆના કાર્યાલયમાંથી વિમાનની ટિકીટ સીધી બુક કરાવવાની રહેશે.

સેવક જે દિવસે ટિકીટ બુક કરાવે તે દિવસે ઉપલબ્ધ ટિકીટો પૈકી એર ઇન્ડીઆની સૌથી ઓછા દરની ટિકીટ બુક કરાવવાની રહેશે આ માટે પુરાવા તરીકે આધાર રજૂ કરવાનો રહેશે. એર ઇન્ડીઆની વેબસાઇટ ઉપરથી ટિકીટ બુક કરાવે તો આવું પ્રમાણપત્ર તેમની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે તેની પ્રીન્ટ લઇ રજૂ કરવાની રહેશે જો અન્ય માન્ય વેબસાઇટ ઉપર ઉપલબ્ધ અલગ અલગ દરની ટિકીટોનું પ્રીન્ટ આઉટ લઇ ટિકીટની નકલ સાથે હિસાબ વિભાગમાં જમા કરાવવાની રહેશે.

એલટીસીનો લાભ મેળવવા ઇચ્છતા સેવકે એલટીસીના નિયમોની જાણકારી અગાઉથી મેળવવાની રહેશે કોઇ કારણસર એલટીસી પ્રવાસનું બીલ નામંજૂર થાય ત્યારે સેવકને નિયમની જાણકારી ન હતી કે કાર્યાલય દ્વારા નિયમ અંગે માહિતી આપવામાં આવી ન હતી તેવો બચાવ કરી શકશે નહિ. સેવકને નિયમ સમજવામાં કે જાણવામાં મુશ્કેલી હોય તો હિસાબ વિભાગમાં સંપર્ક કરવો.

(રાજેન્દ્ર ખીમાણી)

કુલસચિવ